ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિ.
રજી. ઓફિસઃ લોકાયુકત ભવનની પાછળ,
"છ" રોડ, સેકટર-૧૦/બી, ગાંધીનગર-૩૮૨૦૧૦
હેલ્પ લાઇન : ૯૯૭૮૪૧૦૧૧૮
ઈ-મેલ: recruit-gsphc@gujarat.gov.in

જાહેરાત ક્રમાંક : **GPHC/202324/7 and GPHC/202324/ 8 (Newspaper Advt : 07/2024)**

અન્વયે સૂચનાઓ

---

## <u>મદદનીશ (હિસાબ), વર્ગ-૩ તથા ટાઇપિસ્ટ કમ કલાર્ક, વર્ગ-૩ ની કાયમી જગ્યા પર ભરતી માટે અગત્યની વિગતવારની સુચનાઓ</u>

(૧) ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લી. માટે **મદદનીશ (હિસાબ)ની કુલ -૧ તથા ટાઇપિસ્ટ કમ કલાર્કની** કુલ-૦૩ સંવર્ગની જગ્યા પર સીધી ભરતીથી ઉમેદવારો પસંદ કરવા માટે આ જાહેરાત પ્રસિધ્ધ કરેલ છે તેમજ ફકત ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ ભરતી પ્રક્રિયા નિગમની હાલની ખાલી રહેલ જગ્યાને ધ્યાને લઇ આ જગ્યા માટે લાયકાત પરીપૂર્ણ કરતા અને ઇચ્છા ધરાવતા ઉમેદવારોએ સરકારશ્રીની https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર <u>તા.૨૧/૦૩/૨૦૨૪</u> (બપોરના ૧ કલાક) થી તા.૦૬/૦૪/૨૦૨૪ (૨૩:૫૯ કલાક સુધી) દરમ્યાન ઓનલાઇન જઇ "ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લી. જાહેરાત" ના પેઇજ પર જઇ ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઉમેદવારે ઓનલાઇન અરજી કરતા પહેલા માહિતી અને સૂચનાઓ ઉકત વેબસાઇટ પરથી પુરી કાળજીપૂર્વક વાંચી લેવાની રહેશે. ઉમેદવારોએ ઓનલાઇન અરજી કન્ફર્મ થયા પછી તેની પ્રિન્ટ કાઢી પોતાની પાસે રાખવાની રહેશે અને જ્યારે માંગવામાં આવે ત્યારે રજુ કરવાની રહેશે. હાલ કોઇ પણ ઉમેદવારોએ કચેરીમાં ટપાલથી કે રૂબરૂમાં અરજીપત્રકો મોકલવાના રહેશે નહીં તેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

(૨) ઉમેદવારે સ્વયં અથવા ઇન્ટરનેટ જાણકારની મદદથી પોતાનો રંગીન પાસપોર્ટ સાઇઝના ફોટાની ઇમેજ ૧૫ KB અને સીગ્નેચરની ઇમેજ ૧૫ KB સાઇઝથી વધે નહીં તે રીતે JPG ફોર્મેટમાં સ્કેન કરી અરજી પત્રકમાં અપલોડ કરવાના રહેશે.

(૩)  આ ભરતી માટે નીચે જણાવ્યા મુજબની જગ્યાઓ ભરવામાં આવનાર છે.

| સંવર્ગ | સધી ભરતીથી ભરવાની કુલ જગ્યા | તે પૈકી કેટેગરી મુજબ ભરવાની થતી જગ્યા | |
|---|---|---|---|
| | | કેટેગરી | કુલ ભરવાની જગ્યા |
| મદદનીશ (હિસાબ) | ૦૧ | અનુસૂચિત જનજાતિ (ST) | ૦૧ |
| ટાઇપિસ્ટ કમ કલાર્ક | 03 | જનરલ | ૦૨ |
| | | સામાજિક અને આર્થિક પછાત વર્ગ (SEBC) | ૦૧ |

(૪) <u>**અનુસુચિત જનજાતિ તથા સામાજિક અને આર્થિક પછાત વર્ગ માટેની સામાન્ય જોગવાઈઓ:-**</u>

(૪.૧) ભરતીનાં તમામ જરૂરી પ્રમાણપત્રો તા.૦૬.૦૪.૨૦૨૪નાં રોજ માન્ય હોવા જોઈએ.

(૪.૨) અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચુક આપવી.

(૪.૩) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ પ્રમાણપત્રની ચકાસણી સમયે રજુ કરવાની રહેશે.

(૪.૪) જેમાં સામાજીક અને આર્થિક પછાત વર્ગના ઉમેદવારોએતે જ્ઞાતિના મળવાપાત્ર લાભ લેવા માટે સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના તા.૨૬.૦૪.૨૦૧૬ નાં ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ થી જણાવ્યા મુજબ બિન ઉન્નત વર્ગના (Non Creamy Layer) ની અવધી (Validity) આવું પ્રમાણપત્ર જે નાણાંકીય વર્ષમાં મેળવ્યુ હોય તે સહિત ત્રણ વર્ષની રહેશે. જેથી <u>**બિન ઉન્નત વર્ગ (Non Creamy Layer)નું પ્રમાણપત્ર સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવી લેવાનું રહેશે અને આ પ્રમાણપત્ર તા.૦૧/૦૪/૨૦૨૧ બાદનાં સમયગાળામાં ઇસ્યુ થયેલ હોવું જોઇએ.**</u> આ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે રજુ કરવાના રહેશે. અન્યથા અનામતનો લાભ મળવાપાત્ર રહેશે નહીં.

(૪.૫) અનામત વર્ગના તમામ ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હોવું જોઈએ

(૫) <u>વયમર્યાદા, શૈક્ષણિક લાયકાત તથા અનુભવ</u>

**<u>(૫.૧)</u> નિગમના ભરતી બઢતી નિયમો અનુસાર સંવર્ગ મુજબ વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાત નીચે મુજબ રહેશે.**

| સંવર્ગ | શૈક્ષણિક લાયકાત | વય મર્યાદા | અનુભવ |
|---|---|---|---|
| મદદનીશ (હિસાબ) | **B.com. with first class from recognized university** | **Min - 25 and Max -30 years** | **Minimum 5 years post qualification experience in Government /PSU/ Private sector organization** |
| ટાઇપિસ્ટ કમ કલાર્ક | **Bachelors degree from recognized university with typing in English 40 WPM or Gujarati 25 WPM with GCC Certificate** | **Min - 25 and Max -30 years** | **Minimum 3 years post qualification relevant experience** |

ટાઇપિસ્ટ કમ કલાર્ક ના ઉમેદવારો માટે ઉપરોકત જણાવ્યા મુજબ ટાઇપીંગ માટે **GCC પ્રમાણપત્ર હોવું ફરજીયાત રહેશે. અન્ય કોઇપણ ટાઇપિંગના પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.**

(૫.૨) **ઉપરોકત બન્ને સંવર્ગ માટે** ઉમેદવારની ઉંમર તા.૦૬/૦૪/૨૦૨૪ના રોજ લઘુત્તમ ૨૫ વર્ષ થી મહત્તમ ૩૦ વર્ષની હોવી જોઇએ. (રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૬.૧૦.૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક સીઆરઆર/૧૧૨૦૦૮/૨૮૨૩૨૩/ગ.૫ અનુસાર, ઉપરાંત અનામત વર્ગ (મહિલા અનામત સહિત) ના ઉમેદવારોને રાજય સરકારશ્રીના નિયમોનુસાર તથા સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંક સીઆરઆર/૧૧/૨૦૨૧/૪૫૦૯૦૦/ગ.૫ તા.૨૯.૦૯.૨૦૨૨ મુજબ નિયમોનુસાર વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર રહેશે.) ઉદાહરણ રૂપે ઉંમરનો કોઠો નીચે દર્શાવેલ છે.

| કેટેગરી | છુટછાટ | મહત્તમ વય મર્યાદા |
|---|---|---|
| સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવાર | ૫ વર્ષ | (મહત્તમ ૩૫ વર્ષની મર્યાદામાં ) |
| અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારાને | ૫ વર્ષ | (મહત્તમ ૩૫ વર્ષની મર્યાદામાં ) |
| અનામત કેટેગરીના મહિલા ઉમેદવારાને (૫+૫ = ૧૦) | ૧૦ વર્ષ | (મહત્તમ ૪૦ વર્ષની મર્યાદામાં ) |

**નોંધ**: ઉપરોકત વય-મર્યાદા તા.૦૬/૦૪/૨૦૨૪ની સ્થિતિએ ગણવાની રહેશે.

(૬) <u>પગારધોરણ</u> :

(૬.૧) પસંદગી પામેલ ઉમેદવારને આ જગ્યા ઉપર કરાર આધારિત નિમણૂંક થયેથી, નાણાં વિભાગના તા.૨૯/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-ઝેડ-૧ તથા ઠરાવ નં ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ-૧ તા.૦૬/૧૦/૨૦૧૧ તથા ઠરાવ ક્રમાંક ખરચ/ ૨૦૦૨૫૭ /પાર્ટ-૨/ઝ-૧ તા.૨૦/૧૦/૨૦૧૪ તથા ઠરાવ ક્રમાંક ખરચ/૨૦૦૨/૫૭ (પાર્ટ-૨)/ઝ-૧ તથા ૨૦/૧૦/૨૦૧૫ તથા ઠરાવ ક્રમાંક ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ-૧ તથા ૧૮/૦૧/૨૦૧૭ તથા ઠરાવ ક્રમાંક ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૪/ઝ-૧ તા.૧૮.૧૦.૨૦૨૩ ની જોગવાઈ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે સંવર્ગ મુજબ નીચે જણાવેલ ફિક્સ પગારથી નિમણૂંક અપાશે.

| સંવર્ગ | માસિક ફીકસ પગાર |
|---|---|
| મદદનીશ (હિસાબ) | રૂા.૪૦,૮૦૦/- |
| ટાઇપિસ્ટ કમ કલાર્ક | રૂા.૨૬,000/- |

(૬.૨) પસંદગી પામેલ ઉમેદવારને નિમણૂંક સત્તાધિકારી દ્વારા નાણા વિભાગનાં તા.૨૮/03/૨૦૧૬ નાં ઠરાવ ક્રમાંક ખરચ/૨૦૦૨/૫૭(પાર્ટ-3)/ઝ-૧ માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન રહીને આ જગ્યા ઉપર કરાર આધારિત નિમણૂંક આપવામાં આવશે તેમજ પાંચ વર્ષનાં અંતે તેમની સેવાઓ નિમણૂંક સત્તાધિકારીને સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયનાં સરકારશ્રીના ધારાધોરણ મુજબ જે તે જગ્યા માટે મળવાપાત્ર નિયત પગાર ધોરણમાં નિયમાનુસાર નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

(૭) <u>**ના વાંધા પ્રમાણપત્ર**</u>: ગુજરાત સરકારના સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ ધ્વારા તેમના ખાતા મારફત "ના વાંધા પ્રમાણપત્ર" મેળવી શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનું રહેશે અન્યથા તેઓની ઉમેદવારી રદ ગણવામાં આવશે.

(૮) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ વિગતો કોઇપણ તબક્કે ખોટી માલુમ પડશે તો તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. તેમજ તેમની ઉમેદવારી પણ રદ્દ કરવામાં આવશે.

(૯) જાહેરાત કોઇપણ કારણોસર રદ્દ/ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો નિગમનો સંપૂર્ણ હક્ક અને અધિકાર રહેશે. નિગમ આ માટે કારણો આપવા બંધાયેલ નથી.

(૧૦) એક ઉમેદવાર એક સંવર્ગ માટે એક જ અરજી કરી શકશે. તેમ છતાં એકથી વધુ અરજી (Multiple Application)ના કિસ્સામાં ફી સહિત સર્વ રીતે યોગ્ય રીતે ભરેલી અરજીઓ પૈકી સૌથી

છેલ્લી કન્ફર્મ થયેલી એક જ અરજી માન્ય ગણાશે. તે સિવાયની બધી અરજીઓ રદ્દ થશે અને ભરેલ ફી ના નાણાં પરત મળશે નહીં.

(૧૧) ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઇલ નંબર તથા ઇ-મેઈલ એડ્રેસ દર્શાવે તે જ નંબર તથા ઇ-મેઈલ એડ્રેસ ચાલુ રાખવું. ભવિષ્યમાં નિગમ તરફથી આ ભરતી પ્રક્રિયાને સબંધિત સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબર તથા ઈ-મેઈલ એડ્રેસ પર મોકલવામાં આવશે. તેથી દર્શાવેલ મોબાઇલ નંબર તથા ઈ-મેઈલ એડ્રેસ બદલવું નહીં.

(૧૨) અરજીઓ ફક્ત https://ojas.gujarat.gov.in પરથી જ કરી શકાશે. નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ્દ કરવામાં આવશે.

(આ યાદી માત્ર ઉદાહરણ સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી.)

(a) ઓનલાઇન મુસદ્દા મુજબ અરજી કરેલ ન હોય.

(b) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે વિસંગત હોય.

(c) અરજીમાં ઉમેદવારે સહી કે રંગીન પાસપોર્ટ સાઇઝનો સુચવેલ ફોર્મેટમાં ફોટો અપલોડ કરેલ ન હોય.

(d) અરજી ફેકસથી, ઇ-મેઈલથી અથવા પોસ્ટથી મોકલાવેલ હોય.

(e) ઉમેદવારે પૂરેપૂરી ફી ભરેલ ન હોય.

**(૧૩) <u>પરીક્ષા ફી</u>:**

(૧૩.૧) બિન-અનામત સંવર્ગના ઉમેદવારોએ **રૂા.૧૦૦/-** (Non -Refundable) લેખે પરીક્ષા ફી ભરવાની રહેશે તથા રૂા.૪૦૦/- ડિપોઝિટ પેટે અલગથી ભરવાના રહેશે. જે ઉમેદવારો પરીક્ષામાં ઉપસ્થિત રહેશે તેઓને ડિપોઝિટ પેટે ભરેલ રકમ **રૂા.૪૦૦/-** પરત કરવામાં આવશે. ફી ઉપરાંત લાગુ પડતા ચાર્જીસ અલગથી ભરવાનાં રહેશે.

(૧૩.૨) અનામત સંવર્ગ (ST/SEBC) ઉમેદવારોએ રાજય સરકારશ્રીના નિયમોનુસાર પરીક્ષા ફી રૂ.૧૦૦/- (Non -Refundable) ભરવાની રહેશે નહીં પરંતુ ડિપોઝિટ પેટે રૂા.૪૦૦/- ભરવાનાં રહેશે. ફી ઉપરાંત લાગુ પડતા ચાર્જીસ અલગથી ભરવાનાં રહેશે.

(૧૩.૩) જે ઉમેદવારો પરીક્ષામાં ઉપસ્થિત રહેશે તેઓને જ ડિપોઝિટ પેટે ભરેલ રકમ રૂા.૪૦૦/- પરત કરવામાં આવશે અન્યથા રીફંડ કરવામાં આવશે નહી.

(૧૩.૩) જરૂરી ફી ઓનલાઈન પેમેન્ટ મોડથી જ ભરવાની રહેશે અન્ય કોઈ પેમેન્ટ મોડ માન્ય ગણાશે નહીં. ઉમેદવાર ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા ATM-DEBIT CARD/CREDIT CARD/ NET NBANKING/UPI થી પરીક્ષા ફી ભરી શકાશે.

(૧૩.૪) ઓનલાઈન ફી ભરવાની છેલ્લી તા.૦૯/૦૪/૨૦૨૪(રાત્રીનાં ૨૩:૫૯ સુધી) છે.

(૧૩.૫) પરીક્ષા ફી ભર્યા બાદ રીફંડ કોઇપણ સંજોગોમાં મળવાપાત્ર નથી

(૧૩.૬) પરીક્ષા ફી તથા ડિપોઝિટ ફી ભરવાપાત્ર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.

(૧૪) <u>પરીક્ષા:</u> ઉપરોકત બન્ને સંવર્ગની પરીક્ષા માટે અભ્યાસક્રમની માહિતી એનેક્ષર સ્વરૂપે સામેલ છે.

(૧૪.૧) તમામ જગ્યા માટે લેખિત કસોટી યોજવામાં આવશે.

(૧૪.૨) લેખિત કસોટી નીચે મુજબ યોજવામાં આવશે.

૧૪.૨.૧ મદદનીશ હિસાબની પરીક્ષાનો અભ્યાસક્રમ એનેક્ષર-૧ મુજબ રહેશે.

૧૪.૨.૨ ટાઇપિસ્ટ કમ કલાર્ક ની પરીક્ષાનો અભ્યાસક્રમ એનેક્ષર-૨ મુજબ રહેશે.

૧૪.૨.3 સદર પરીક્ષામાં કુલ દરેક પ્રશ્નોનાં કુલ ૪ ગુણ લેખે કુલ ૬00 ગુણની પરીક્ષાનો સમયગાળો કુલ ૧ કલાક અને 30 મીનીટ(૯૦ મીનીટ)નો રહેશે. સદર પરીક્ષા MCQ ( Multiple Choice Question) અને OMR (Optical Mark Recognition) પદ્ધતિથી લેવામાં આવશે. જેમાં મુલ્યાંકન નીચે મુજબ ગણવામાં આવશે.

I. દરેક સાચા જવાબનાં ૦૪ ગુણ મળશે.

II. પ્રત્યેક ખોટા જવાબદીઠ ૦૧ ગુણ કાપવામાં આવશે.

III. પ્રત્યેક ખાલી છોડેલ જવાબ દીઠ ૦૧ ગુણ કાપવામાં આવશે.

IV. એક કરતા વધુ વિકલ્પો દર્શાવેલ હોય કે છેકાછેક કરેલ હોય તેવા પ્રત્યેક જવાબ ખોટા ઠરાવવામાં આવશે તથા ૦૧ ગુણ કાપવામાં (માયનસ) આવશે.

V. દરેક પ્રશ્નોનાં જવાબોમાં એક વિકલ્પ 'E' (Not Attempted) રહેશે. ઉમેદવાર કોઇ પ્રશ્નોના જવાબ આપવા ન ઇચ્છતા હોય તો આ વિકલ્પ પસંદ કરી શકશે અને આ વિકલ્પ પસંદ કરવાનાં કિસ્સામાં નેગેટીવ માર્કિંગ લાગુ પડશે નહી.

VI. OMR શીટમાં સફેદ શાહી (White Ink) નો ઉપયોગ નિષેધ છે. જો કોઇ ઉમેદવાર કોઇ પ્રશ્નના જવાબમાં સફેદ શાહી (White Ink) નો ઉપયોગ કરશે અથવા તો ચેકચાક કરશે તો તે જવાબ ખોટો ગણવામાં આવશે તથા ૦૧ ગુણ કાપવામાં આવશે. પરીક્ષાનું માધ્યમ ગુજરાતી/અંગ્રેજી રહેશે.

આમ, ઉમેદવારે મેળવેલા સાચા જવાબનાં કુલ ગુણમાંથી ઉપર દર્શાવેલ (ii), (iii), (iv) તથા (vi) મુજબ બાદ (માઇનસ) થતા કુલ ગુણ બાદ કરવાથી મળતા ગુણ, ઉમેદવારને પ્રાપ્ત થતા ગુણ માન્ય ઠરશે.

૧૪.૨.૪ બંને સંવર્ગના ઉમેદવારોએ સદર પરીક્ષામાં ઉતિર્ણ થવા માટે ૪૦% ગુણ એટલે કે ૨૪૦ ગુણ મેળવવાના રહેશે.

૧૪.૨.૪ ફકત ટાઇપિસ્ટ કમ ક્લાર્ક સંવર્ગ માટે ઉતિર્ણ થયેલ ઉમેદવારોમાંથી કુલ જગ્યાના કેટેગરી વાઇઝ ૦૭ ગણા ઉમેદવારોને કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા આપવાની પસંદગી યાદીમાં સમાવેશ કરવામાં આવશે. જે ઉતિર્ણ થવા માટે પણ ૪૦% ગુણ મેળવવાના રહેશે.

(૧૪.૩) <u>કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા : (ફકત ટાઇપિસ્ટ કમ ક્લાર્ક સંવર્ગ માટે)</u>

૧૪.૩.૧ ટાઈપિસ્ટ કમ ક્લાર્ક સંવર્ગ માટે કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા માટેની પસંદગી યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારોને જ કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા માટે બોલાવવામાં આવશે.

૧૪.૩.૨ આ કસોટીમાં ઉમેદવારે હાજર રહેવું ફરજિયાત છે. ગેરહાજર રહેનાર ઉમેદવારો પસંદગી માટે પાત્રતા ધરાવશે નહી.

૧૪.૩.૩ કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ એનેક્ષર-૦૩ મુજબ રહેશે

૧૪.૩.૪ કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા ઉતિર્ણ થવા માટે પણ ૪૦% ગુણ મેળવવાના રહેશે

(૧૫) <u>પસંદગી યાદી</u> :

**૧૫.૧ મદદનીશ હિસાબના સંવર્ગમાં ઉતિર્ણ થયેલ ઉમેદવારો પૈકી મેરીટના ધોરણે કુલ જગ્યાના ૦૪ ગણા ઉમેદવારોની કામચલાઉ પસંદગી યાદી બહાર પાડવામાં આવશે ત્યારબાદ તેઓના દસ્તાવેજની ચકાસણી બાદ મેરીટના ધોરણે આખરી પસંદગી યાદી તથા ઉમેદવારોની પ્રતીક્ષા યાદી બહાર પાડવામાં આવશે.**

**૧૫.૨ ટાઇપિસ્ટ કમ કલાર્કના સંવર્ગમાં પ્રથમ પરીક્ષા તથા કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષામાં મેળવેલ કુલ ગુણના આધારે મેરીટના ધોરણે કુલ જગ્યાના ૦૪ ગણા કેટેગરી વાઈઝ ઉમેદવારોની કામચલાઉ પસંદગી યાદી બહાર પાડવામાં આવશે ત્યારબાદ તેઓના દસ્તાવેજની ચકાસણી બાદ મેરીટના ધોરણે આખરી પસંદગી યાદી તથા ઉમેદવારોની પ્રતીક્ષા યાદી બહાર પાડવામાં આવશે.**

**૧૫.૩ કોઇપણ સંજોગોમાં** ઉમેદવારો પરીક્ષામાં સમાન ગુણ મેળવે ત્યારે નીચે મુજબ પસંદગી કરવામાં આવશે.

- જો એક કરતાં વધુ ઉમેદવારો એક સરખા ગુણ મેળવેલ હોય તો તે પૈકી જન્મ તારીખ મુજબ વધુ વય ધરાવતાં ઉમેદવારને મેરીટ ક્રમમાં અગ્રતાક્રમ આપવમાં આવશે.
- જો કોઇ ઉમેદવારોના ગુણ અને જન્મ તારીખ બન્ને સરખા હોય તો શૈક્ષણિક લાયકાતના (ડિગ્રીના) મેરીટ (ટકાવારી)મુજબ મેરીટમાં અગ્રતાક્રમ આપવામાં આવશે.
- જો બંને ઉમેદવારોની શૈક્ષણિક લાયકાત (ડિગ્રી) ના મેરીટ (ટકાવારી) સમાન હશે તો જે ઉમેદવારના ધોરણ-૧૨ ની ટકાવારી /પર્સન્ટાઇલ ધ્યાને લેવામાં આવશે અને ધોરણ-૧૨ ની ટકાવારી પણ સમાન હશે તો ધોરણ-૧૦ ની ટકાવારી / પર્સન્ટાઇલ ધ્યાનમાં લેવામાં આવશે.

**(૧૬) <u>લાયકાતના પ્રમાણપત્રોની ચકાસણી</u> :**

(૧૬.૧) પરિક્ષા પૂર્ણ થયા બાદ પરિક્ષાના મુદા નં.-૧૫ માં જણાવ્યા અનુસાર જરૂરી ઉમેદવારોને લાયકાતના પ્રમાણપત્રો (ઉંમર, શૈક્ષણિક, જાતિ,અનુભવ વગેરેના પ્રમાણપત્રો)ની ચકાસણી માટે બોલાવવામાં આવશે. જેમાં તમામ પ્રમાણપત્રો અસલમાં સાથે રાખીને હાજર રહેવાનુ રહેશે. જો પ્રમાણપત્રો તથા અરજીમાં દર્શાવેલ વિગતો ખોટી જણાશે તો ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે.

(૧૬.૨) ટાઇપિસ્ટ કમ કલાર્ક ના ઉમેદવારો માટે ઉપરોકત જણાવ્યા મુજબ ટાઇપીંગ માટે **GCC પ્રમાણપત્ર હોવું ફરજીયાત રહેશે. અન્ય કોઇપણ ટાઇપીંગના પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.**

**(૧૬.3) ઉમેદવારોએ તેઓના અનુભવ બાબતે, અનુભવના પ્રમાણપત્રો તેમજ અનુભવને લગત સેલેરી સ્ટેટમેન્ટ, બેંક સ્ટેટમેન્ટ અથવા ફોર્મ-૧૬ રજૂ કરવાના રહેશે.**

**(૧૭) <u>અરજી પત્રક ભરવા માટેની સુચનાઓ</u> :**

(૧૭.૧) તમામ જગ્યાઓ માટે ફકત ઓનલાઇન અરજી કરવાની રહેશે. આ ઓનલાઇન અરજી https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપરથી જ કરી શકાશે.

(૧૭.૨) લાયકાતો ધરાવતા ઉમેદવારોએ અલગ-અલગ સંવર્ગ માટે અલગ-અલગ અરજી કરવાની રહશે. પરંતુ એક સંવર્ગ માટે એક જ  અરજી પત્રક ભરવાનું રહેશે.

(૧૭.૩) અરજદારે અરજી કરતી વખતે પોતાની સાથે રંગીન પાસપોર્ટ સાઇઝનો ફોટો, સ્કેન કરવા માટે પોતાની સહી, જરૂરી પ્રમાણપત્રો અને પૂરાવા રાખવા. જેથી તેના આધારે જ સાચી માહિતી અરજીમાં ભરી શકાય.

(૧૭.૪) ઓનલાઇન અરજી કન્ફર્મ કરીને અરજીની પ્રિન્ટ કાઢી લેવાની રહેશે તથા દસ્તાવેજ ચકાસણી સમયે રજૂ કરવાની રહેશે.

(૧૭.૫) અરજી કન્ફર્મ થઇ ગયા બાદ આગળના ફકરા નંબર (૧૩) માં આપેલ સુચના અનુસાર પરીક્ષા ફી ફકત ઓનલાઈન ભરી શકાશે.

**(૧૮) <u>ગેરવર્તણુક અંગે દોષિત ઠરેલ વિરુદ્ધ પગલાં</u>**

(૧૮.૧) નિગમ જે કોઈ ઉમેદવારને -

૧. તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે નિગમના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી/ કર્મચારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે,

૨. બીજાનું નામ ધારણ કરવા માટે,

૩. બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે,

૪. બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે,

૫. યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે,

૬. પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે,

૭. પરીક્ષા દરમિયાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરીરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચારવા માટે,

૮. લખાણોમાં અશ્લીલ ભાષા અથવા બીભત્સ બાબતો સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે

૯. ઓ.એમ.આર. ઉત્તરપત્રમાં પોતાની ઓળખસૂચક કોઈપણ પ્રકારની નિશાની, લખાણ, આલ્ફાબેટ, ચિન્હ કે જેનાથી ઓળખ પ્રસ્થાપિત થાય તેવા પ્રયાસ કરવા માટે,

૧૦. પરીક્ષા ખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણુંક કરવા માટે, અથવા

૧૧. પરીક્ષાના સંચાલન કરવા માટે નિગમે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારિરીક રીતે ઈજા કરવા માટે, અથવા

૧૨. પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા આવા પ્રસંગે મદદગારી કરવા માટે, અથવા

૧૩. પરીક્ષા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈ પણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય

૧૪. પરીક્ષા ખંડમાં મોબાઈલ/બ્લુટુથ કે અન્ય ઇલેક્ટ્રોનીક્સ ગેઝેટ સાથે હાજર રહે તેમજ ગેરરીતિ કરવા પ્રયાસ માટે,

તો ઉપરોક્ત ૧ થી ૧૪ કિસ્સાઓમાં ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત,

(ક) નિગમ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે અથવા (ખ) (૧) નિગમે સીધી પસંદગી માટે લેવાની કોઈ પણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈપણ રુબરુ મુલાકાતમાથી, અથવા (૨) રાજ્ય સરકાર, પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે ગેરલાયક/બાકાત કરી શકશે.

(૧૮.૨)ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધસરકારી/ સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેર-લાયકાતનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની ઉમેદવારી/પસંદગી/ નિમણૂંક રદ થવાને પાત્ર બનશે.

(૧૮.૩) ઉમેદવારને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઈપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવી નહી, તેમજ આવશ્યક માહિતી છુપાવવી નહી, ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઈપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઈ પણ ચેડા કરવા નહી અથવા તેઓએ આવા ચેડા કરેલ/બનાવટી દસ્તાવેજો રજૂ કરવા નહી, જો એક જ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઈ પણ પ્રકારની અચોકસાઈ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજૂ કરવી.

(૧૯) <u>ફેરફાર કે રદ કરવાની નિગમની સત્તા</u>

આ જાહેરાત કોઈ પણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થશે તો, તેમ કરવાનો સંપુર્ણ હક્ક/અધિકાર નિગમનો રહેશે તથા તેના કારણો આપવા નિગમ બંધાયેલ રહેશે નહી. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી રદ થયેલી ગણાશે અને ડિપોઝિટ પેટેની રકમ રૂ. ૪૦૦/- પરત કરવામાં આવશે. પરંતુ પરીક્ષા ફી રૂ. ૧૦૦/- પરત કરવામાં આવશે નહી.

(૨૦) **<u>પરીક્ષાનું આયોજન</u>**

બંને સંવર્ગ માટે પરીક્ષાનું આયોજન સંભવિત મે-2024 માસમાં થશે. જેની વિગતવાર માહિતી નિગમ ની વેબસાઈટ ઉપર મૂકવામાં આવશે.

## **<u>જરૂરી સૂચના:</u>**

લેખિત પરીક્ષા, પરીક્ષા કેન્દ્રો તેમજ આ જાહેરાતને સંલગ્ન અન્ય તમામ સૂચનાઓ વખતોવખત નિગમની વેબસાઇટ www.gsphc.gujarat.gov.in તેમજ https://ojas.gujarat.gov.in પર મુકવામાં આવશે, જેની ઉમેદવારોએ સમયાંતરે નોંધ લઇ ઘટિત કાર્યવાહી કરવાની રહેશે.

ઉક્ત જાહેરાત અન્વયે વધુ માહિતીની જરૂર જણાય તો કચેરીનાં ચાલુ કામકાજના સમય દરમિયાન હેલ્પ લાઈન નંબર **૯૯૭૮૪૧૦૧૧૮** પર તથા recruit-gsphc@gujarat.gov.in પર ઈ-મેઈલ કરી શકાશે.

સ્થળ : ગાંધીનગર

તારીખ: ૧૨/03/૨૦૨૪

(હસમુખ પટેલ)
અધિક પોલીસ મહાનિદેશક
અને મેનેજિંગ ડિરેક્ટર

**ઉમેદવારોના હિતમાં જાહેર સૂચના**

ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા સીધી ભરતી માટે ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવેલ છે. આ જગ્યાઓ માટે અરજી કરનાર ઉમેદવારોના હિતમાં, ઉમેદવારોને લાંચ રૂશ્વત/ લાલચ કે છેતરપિંડી આચરે તેવા અસામાજિક તત્વોથી દૂર રહેવા સાવધાન કરવામાં આવે છે, તેમજ નિગમના પદાધિકારી/અધિકારી/કર્મચારીને નામે જો કોઈ ઈસમો નોકરી અપાવવાના નામે ઉમેદવારો પાસેથી નાણાં ઉઘરાવતા હોય તો તેવા ઈસમો સામે કાયદેસરની ફોજદારી કાર્યવાહી કરાવવી તથા આવી કોઈ અસામાજિક પ્રવૃત્તિ/છેતરપિંડી આપના ધ્યાનમાં આવે તો તરત જ લાંચ રૂશ્વત બ્યુરોના ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૪૪૪૪ અથવા ૧૦૬૪ ઉપર સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

## Annexure – I

## Syllabus for the post of Assistant (Account)

| Cadre Name | Syllabus | Question | Marks | Exam Medium | Duration |
|---|---|---|---|---|---|
| **Assistant (Account)** **મદદનીશ (હિસાબ)** | Basic Accounting Principle, Policies & Treatment, Income Tax Act, 1961, TDS Rules, GST, Tally, Bank Reconciliation, Depreciation, Annual Accounting, Accounting Standards | 125 | 500 | ENGLISH | One Hour & Thirty Minutes (90 Minutes) |
| | General Knowledge & Current Events of National & International Importance, Logical Reasoning | 25 | 100 | GUJARATI | |
| | Total | 150 | 600 | | |

*** General Awareness and General Knowledge" Include questions related to –**

1. General Mental Ability and General Intelligence
2. History of India and History of Gujarat
3. Cultural heritage of India and Gujarat
4. Geography of India and Geography of Gujarat
5. Sports
6. Indian Polity and the Construction of India
7. Indian Economy and Planning
8. General Science, Environment and Information & Communication Technology
9. Current affairs of Regional, National and International Importance

**NOTE** : The question paper shall be of objective type MCQs (multiple choice questions).

## Annexure – II

## Syllabus for the post of Typist Cum Clerk (Part-I)

| Cadre Name | Syllabus | Question | Marks | Exam Medium | Duration |
|---|---|---|---|---|---|
| Typist-Cum-Clerk | General Awareness and General Knowledge | 70 | 280 | GUJARATI | One Hour & Thirty Minutes **(90 Minutes)** |
| | Gujarati Language and Grammar | 20 | 80 | GUJARATI | |
| | English Language and Grammar | 20 | 80 | ENGLISH | |
| | General Mathematics, Logical Reasoning | 40 | 160 | GUJARATI | |
| | Total | 150 | 600 | | |

*** General Awareness and General Knowledge" Include questions related to –**

1. General Mental Ability and General Intelligence
2. History of India and Gujarat
3. Cultural heritage of India and Gujarat
4. Geography of India and Gujarat
5. Sports
6. Indian Polity and the Construction of India
7. Indian Economy and Planning
8. General Science, Environment and Information & Communication Technology
9. Current affairs of Regional, National and International Importance

**NOTE** : The question papers shall be of objective type MCQs (multiple choice questions).

## Annexure – III

## Syllabus for the post of Typist Cum Clerk
## [Computer Proficiency Practical Test]

| Sr No | Subject | Marks | Duration |
|---|---|---|---|
| 1. | Gujarati Typing Test. (25 wpm) | 20 Marks | 90 Minutes |
| 2. | English Typing Test. (40 wpm) | 20 Marks | |
| 3. | Preparing slides for presentation based on data provided.<br>(5 slides) | 15 Marks | |
| 4. | Preparing excel spreadsheet and answering an arithmetic problem | 15 Marks | |
| 5. | Error check and spelling correction in given word document<br>-Comment remove –Spelling check<br>-Margin setting –Table insert<br>-Text highlight | 15 Marks | |
| 6. | Writing an E-mail to notified recipient address. | 15 Marks | |
| | **Total -** | **100 Marks** | |